Extra No. 311

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 2, 2025 / BHADRA 11, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) ગુજરાત જાહેર સેવા આયોગના જાહેરાત ક્રમાંક ૧૨૭/૨૦૨૪-૨૫ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) અને જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૫-૨૬, નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની ૦૭/૦૯/૨૦૨૫ ના રોજ યોજાનાર પ્રિલિમિનરી પરીક્ષાની એસ.ઓ.પી. ના પેરા નં. ૨.૨૪ (૫)

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૦૨૮૪ થી ૧૦૩૫૦/૨૦૨૫.-સંદર્ભ ૧ ની વિગતોએ પાટણ જિલ્લામાં ગુજરાત જાહેરસેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગના જાહેરાત ક્રમાંક ૧૨૭/૨૦૨૪-૨૫ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) અને જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૫-૨૬, નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષા પાટણ જિલ્લામાં જુદા - જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષા બિલ્ડીંગની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ દુકાનો બંધ રહે તેમજ માણસોના ટોળા એકઠા ના થાય તે માટે જાહેરનામું બહાર પાડવા પ્રિલિમિનરી પરીક્ષા માટે સ્ટ્રોંગરૂમ અને પરીક્ષા કેન્દ્રો ખાતે અમલમાં મુકવાની થતી નિયત પધ્ધતિના પ્રકરણ-૨ના મુદા નં.૨.૨૪(૫)થી સુચના કરેલ છે. જે અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગના જાહેરાત ક્રમાંક ૧૨૭/૨૦૨૪-૨૫ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) અને જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૫-૨૬, નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષા દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વી.સી. બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ ફોન /પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે

પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવાતા કેન્દ્રો ચાલુ રાખવા નહી.

અપવાદ :- આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ કરી શકશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોય આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ રોજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી. સી. બોડાણા GAS
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 15:53:51 IST